सत्यमेव जयते

આંક :–
દાખલ થયા તારીખ :–
રજીસ્ટરે લીધા તારીખ :–
નિકાલ થયા તારીખ :–
સમય :–

| વર્ષ | માસ | દિવસ |
|---|---|---|

**એડીશનલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) સાહેબની કોર્ટમાં,**
**મુ.પ્રાંતિજ.**

<u>ફોજદારી કેસ નં.૬૪/૨૦૧૮</u>

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :
(૧) નરેન્દ્ર કરણ સિંહ હીરાલાલ હરીજન (ચમાર), ઉ.વ.૨૭
(૨) સમુન્દર હવાસીંગ સુરતસીંગ હરીજન (ચમાર), ઉ.વ.૧૯
બધા રહે. ચરખી (દાદરી) વોટર વર્કસની સામે,
તા.જી.ચરખી (હરીયાણા)
(૩) ઈન્દ્રજીત રામકુમાર મણીગાર કુમાર (પ્રજાપતિ), ઉ.વ.૨૭
રહે. ફતેહગઢ બસ સ્ટેન્ડની બાજુમાં,
તા.જી.ચરખી દાદરી, (હરીયાણા)

ગુનો : પ્રોહી. એકટની કલમ–૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબ.

ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીમતી બી.કે.ચૌધરી

**–:: કમીટલ હુકમ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૯–૧૧–૨૦૧૭ ના કલાક ૨૧.૩૦ થી તા.૩૦–૧૧–૨૦૧૭ ના કલાક ૦૦.૧૫ વાગે મોજે કમાલપુર ગામની સીમમાં ને.હા.નં.૮ પંચરત્ન હોટલ નજીક આરોપી નં.૧, ૨ એ આરોપી નં.૩ ની માલિકીની ટ્રક નં. એચઆર–૫૬–એ–૫૮૫૩ માં નાસતા ફરતા આરોપી (૧) કરશનસીંગ સતેસીંગ જાટ તથા (૨) સુખવીંદરસીંગ નાઓએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કી ૭૫૦ મી.લી. કંપની સીલબંધ બોટલ નંગ–૯૬૦૦, કિંમત રૂા.૨૮,૮૦,૦૦૦/– ની ભરાવી તથા આરોપી નં.૧, ૨ નાઓએ પ્રતિબંધીત વિસ્તારમાં વહન કરી લઈ જતાં મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૧ ની અંગ જડતી દરમ્યાન રૂા.૧,૪૦૦/– રોકડા તથા સેમસંગ કંપનીનો મોબાઈલ નંગ–૧, કિંમત રૂા.૬૦૦/– તથા ટ્રક, કિંમત રૂા.૧૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂા.૩૮,૮૨,૦૦૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૩ તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ પ્રોહી. એકટની કલમ–૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદીએ પ્રાંતિજ પો.સ્ટેશને આપતાં તે પ્રોહી. ગુ.ર.નં.૫૧૩૯/૨૦૧૭ થી તા.૩૦–૧૧–૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે.

(૨) તપાસકર્તા અધિકારીશ્રીએ જરૂરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપર મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં તા.૨૯–૧–૨૦૧૮ ના રોજ રજુ કરેલ છે.

(૩) આરોપીઓને આજરોજ કોર્ટ સમક્ષ હાજર કરતાં તેઓને ક્રિ.પ્રો.કો.કલમ–૨૦૭ મુજબ પોલીસ–પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ તેઓએ નામદાર સેશન્સ અદાલતમાં ખાનગી વકીલ રોકવા માગતા હોવાનું જણાવેલ છે.

(૪) ફરીયાદીની ફરીયાદ તથા તપાસના કાગળો જોતાં પ્રથમ દર્શનીય રીતે આરોપીઓ સામે પ્રોહી. એકટની કલમ–૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતાં અને વ્યાજબી કારણો જણાય છે, પરંતુ પ્રોહીબીશનના ગુનાના કામે નવા કરાયેલ સુધારા મુજબ પ્રોહી. એકટની કલમ–૬૫ઈ ના ગુના સબબ ૧૦ (દસ) વર્ષની સજાની જોગવાઈ છે અને તે રીતે આ ગુના સબબ કાયદાકીય જોગવાઈ તેમજ આરોપીઓ પાસેથી કબજે લીધેલ મુદ્દામાલનો જથ્થો વિગેરે તમામ હકીકતોને ધ્યાને લેતાં સદરહુ ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામદાર સેશન્સ અદાલતને જ છે. તે સંજોગોમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આરોપી (૧) નરેન્દ્ર કરણસિંહ હીરાલાલ હરીજન (ચમાર), ઉ.વ.૨૭ (૨) સમુન્દર હવાસીંગ સુરતસીંગ હરીજન (ચમાર), ઉ.વ.૧૯, બધા રહે. ચરખી (દાદરી) વોટર વર્કસની સામે, તા.જી.ચરખી (હરીયાણા) તથા (૩) ઈન્દ્રજીત રામકુમાર મણીગાર કુમાર (પ્રજાપતિ), ઉ.વ.૨૭, રહે. ફતેહગઢ બસ સ્ટેન્ડની બાજુમાં, તા.જી.ચરખી દાદરી, (હરીયાણા) સામેનો આ કેસ ક્રિ.પ્રો.કો.કલમ–૨૦૯ મુજબ પ્રોહી.એકટની કલમ–૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ નામદાર સેશન્સ અદાલત, હિંમતનગર તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કેસનું તમામ અસલ રેકર્ડ નામદાર સેશન્સ અદાલત, હિંમતનગર તરફ તાત્કાલીક મોકલી આપવું.

ક્રિ.પ્રો.કો.કલમ–૨૦૯(ડી) મુજબ આ કેસ કમીટ કર્યાની જાણ જીલ્લા સરકારી વકીલશ્રી, સાબરકાંઠા, હિંમતનગર નાઓને કરવી.

હુકમ આજરોજ તા.૬ઠ્ઠી માહે માર્ચ સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**(સુરેશકુમાર કરશનભાઈ સોલંકી)**
એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.)
પ્રાંતિજ.
જજ કોડ–જીજે૦૧૨૯૯.

બી.એસ.પી.